સાહસ વગરનું હડાપણ
અને આશા વગરની શ્રધ્ધા
બને વાંઝણા છે.
- માર્ટિન લ્યૂથર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૨૭ | ૭ એપ્રિલ ૨૦૧૨, શનિવાર, ચૈત્ર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

## જિલ્લાની ૫૫૦ પ્રાથમિક શાળાઓમાં એક લાખથી વધુ બાળકો પરીક્ષા આપશે

### ગાંધીનગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓમાં સોમવારથી વાર્ષિક પરીક્ષા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાની ૫૫૦થી પણ વધુ પ્રાથમિક શાળાઓમાં સોમવારથી વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ રહી છે.

એક લાખથી પણ વધુ બાળકો જિલ્લામાં આ પરીક્ષા આપશે. ધો-૧ થી ૪ના બાળકોને તેમના પરીક્ષાના પ્રશ્નપત્રના ઉત્તરો પ્રશ્નપત્રની અંદર જ લખવાના રહેશે. જયારે ૫ થી ૮ના બાળકોને ઉત્તર લખવા માટે જવાબવહી અલગથી આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પ્રા. શિક્ષણ સમિતિ સંચાલિત આ શાળાઓમાં વાર્ષિક પરીક્ષા દસ દિવસ સુધી ચાલશે. અર્થાત ૧૮ એપ્રિલ સુધી તે ચાલશે આ માટે દરેક શાળાઓને પ્રશ્નપત્રો મોકલી આપવામાં આવ્યા હોવાનું સમિતિના સૂત્રોએ જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે પ્રશ્નપત્રોની સાથે સાથે શિક્ષણ સમિતિએ આ વખતે પરિણામપત્રક અને પ્રગતિપત્રક પણ મોકલી આપ્યા છે. આમ ૧૮ એપ્રિલ સુધી સમગ્ર જિલ્લામાં પરીક્ષાનો માહોલ છવાયેલો રહેશે.

જિલ્લામાં પ્રા. શાળાઓની પરીક્ષાનું પરિણામ મે ના પ્રથમ પખવાડિયામાં જાહેર કરી દેવામાં આવે તે રીતે આયોજન કરાયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.





મંગલ મુરતી મારૂતિ નંદન - અષ્ટ કે નવનિધી દાતા... કષ્ટભંજક પવન પુત્ર હનુમાનજીનો પ્રાગટ્ય દિવસ ભારે ભાવપૂર્વક ઉજવાયો... ક્યાંક કેક કપાઈ તો ક્યાંક થયા, ક્યાંક શોભાયાત્રાઓ નીકળી તો ધજાઓ ચડાવાઈ.... આમ સૌના મનમાં હનુમાનજીને રીઝવવા પ્રાર્થનાઓ અને હનુમાન ચાલીસાના પાઠ કરી પ્રણામ પાઠવ્યા હતા... અને મનોમન હનુમાનજીને પ્રાર્થના કરતાં કહ્યું કે, હે પવનપુત્ર આપ અમારા વ્યક્તિગત જીવનથી લઈ સામુહિક જીવનમાં જે કંઈ પડકારો આવવાના છે તેને સામનો કરવા અમને ભરપૂર શક્તિ આપો, દૃષ્ટિ આપો... જીવનની દસે દિશાઓમાંથી અમારા ઉપર કૃપા કરી અમારા કષ્ટને હળવા કરો... સામુહિક જીવનમાં કલેશભાવ મીટાવી પરસ્પર સદ્‌ભાવની લાગણી પ્રસરાવો... હે હનુમાનદાદા આપે અસંભવ કામો કરી ભારતીય સંસ્કૃતિ, સત્ય અને ભક્તિનું સંવર્ધન કર્યું છે તેવી શક્તિ અને ભક્તિનો માર્ગ અમને બતાવો.... (તસવીર : દિપક જાની)

## ગાંધીનગર જિલ્લામાં ટીબીના શંકાસ્પદ દર્દીઓના એચઆઈવી ટેસ્ટ કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ટી.બી.ના શંકાસ્પદ દર્દીઓનો એચ.આઈ.વી. ટેસ્ટ કરવા અંગે પાયલોટ પ્રોજેક્ટની સાથે સાથે બિન-ચેપી રોગોનાં ૩૦ વર્ષથી ઉપરના દર્દીઓના બ્લડ-સુગર ટેસ્ટ કરાશે એટલુ જ નહિ હવે શાળાઓમાં નિયમિત રીતે વિદ્યાર્થીઓને આયર્નની ટીકડીઓનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં ટી.બી. અંગે સારી કામગીરી થઈ રહી હોવાથી રાજ્ય સરકારે ૧લી એપ્રિલથી ટી.બી.ના જે શંકાસ્પદ દર્દીઓ મળે તેમનો એચ.આઈ.વી. ટેસ્ટ પણ સાથે સાથે કરવા અંગેનો મહત્વનો કાર્યક્રમ અમલી બનાવ્યો છે. જિલ્લામાં ૨૫ પ્રા.આ. કેન્દ્રો, ૮ સામુહિક આરોગ્ય કેન્દ્રો સહિત કુલ ૪૨ સ્થાનો પર ટી.બી.ના શંકાસ્પદ દર્દીઓના એચ.આઈ.વી. ટેસ્ટ કરવામાં આવશે.

આ ૪૨ કેન્દ્રો પર એચ.આઈ.વી. ટેસ્ટ માટેની જરૂરી કીટ્સ મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જો કે સરકારી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એક મહિના સુધી જ આ પ્રોજેક્ટ અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે ૧લી એપ્રિલથી અમલી બનેલ આ પ્રોજેક્ટને લઈ તંત્રમાં સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જ્યાં સુધી એચ.આઈ.વી. કેસોને સંબંધ છે ત્યાં સુધી ગાંધીનગર જિલ્લો ડી કેટેગરીમાં આવે છે. જિલ્લામાં એચ.આઈ.વી.ના કેસો નહિવત્ છે. ટી.બી.ના દર્દીઓને આ રોગનો ચેપ ઝડપથી લાગતો હોવાનું કહેવાય છે.

દરમ્યાન જિલ્લામાં બદલાતી જતી જીવનશૈલીને કારણે બિન ચેપી રોગના દર્દીઓની (એનસીડી) સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આથી આરોગ્ય તંત્રએ ૩૦ વર્ષથી ઉપરની આયુ ધરાવતા દર્દીઓ સારવાર માટે જ્યારે જ્યારે આરોગ્ય કેન્દ્રની મુલાકાતે આવે ત્યારે તેમનું બ્લડપ્રેશર અને બ્લડ-સુગર ટેસ્ટ કરવાનો નવતર અભિગમ પણ તંત્રએ તાત્કાલિક અસરથી અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં ભારત સરકારના ઉચ્ચ અધિકારીઓની એક ટીમ ગત સપ્તાહમાં ગાંધીનગર જિલ્લાના વિવિધ કેન્દ્રોની મુલાકાતે આવી હતી અને તેણે આ અભિગમની સહર્ષ નોંધ લઈ કમિશનરશ્રી આરોગ્યની મુલાકાતમાં ઉલ્લેખ કરી જરૂરી તપાસ સાધન સહાય પુરી પાડવાની ખાત્રી આપી હતી.

બીજી તરફ જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન લોહતત્વની ઉણપ ધરાવતા બાળકોની સંખ્યા મોટા પ્રમાણમાં ધ્યાને આવતાં હવે તંત્રએ નવા શૈક્ષણિક સત્રથી દર સપ્તાહે આરોગ્યની એક ટીમ શાળાઓની નિયમિત મુલાકાત લઈ અને આવા બાળકોને આયર્નની ટીકડીઓનું વિતરણ કરશે. આ માટેનું જરૂરી આયોજન શરૂ કરી દેવામાં આવ્યું છે અને એકાદ સપ્તાહમાં તે આખરી કરી દેવાય તેવી શક્યતાઓ છે.

જિલ્લામાં આ વર્ષે રોગચાળાની કોઈ ગંભીર પરિસ્થિતિ ઉભી ના થાય તે માટે આખો અલાયદો હેલ્થપ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ આપવાનો અભિગમ આ વર્ષે તંત્ર દ્વારા અપનાવવામાં આવશે.

તંત્રના અંતરંગ સૂત્રોમંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કસ્તૂરબા અમૃતમ્ યોજના અંતર્ગત બસ્સોથી પણ વધુ મહિલાઓને આવરી લઈ તંત્રએ અસરકારક કામગીરીનો આરંભ કરી દીધો છે.



પ્રભુ ઈસુની પ્રાર્થનાના પર્વ ગૂડ ફ્રાઈડેન ઉજવણી ખ્રિસ્તી સમુદાયના લોકો દ્વારા પરંપરાગત રીતે કરવામાં આવી હતી. ચર્ચમાં મોટી સંખ્યામાં એકત્ર થઈ ભાવિકોએ પ્રાર્થનામાં ભાગ લીધો હતો.

## કરાર આધારીત કર્મચારીઓને છૂટા કરાતાં વિવિધ વિભાગોની કામગીરીને ગંભીર અસર

### સરકારી વિભાગોમાં અનેક વર્ષોથી ભરતી બંધ છે ત્યારે કરાર આધારીત કર્મચારીઓને છૂટા કરવામાં આવતાં કામગીરીને નોંધપાત્ર અસર

ગાંધીનગર, તા. ૬

બોર્ડ-નિગમો અને અનેક સરકારી વિભાગોમાં છેલ્લા ઘણા સમયથી કામ કરી રહેલા કરાર આધારીત કર્મચારીઓને ૩૧મી માર્ચે છૂટા કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. આવા લગભગ સાડા ચાર હજાર જેટલા કર્મચારીઓ સરકારી વિભાગોમાં મહત્વના હોદ્દા પર ફરજ બજાવતા હોવાથી તેમને છૂટા કરાતા કામગીરી પર ગંભીર અસર પડી છે. કેટલાક વિભાગોમાં તો કામગીરી ઠપ્પ થઈ જવાની અણી પર છે.

વિવિધ હોદ્દાઓ પર ફરજ બજાવતા સરકારી કર્મચારીઓ-અધિકારીઓ નિવૃત્ત થાય છે ત્યારે તે પૈકીના કેટલાક કર્મચારીઓ-અધિકારીઓને તેની કામગીરીના આધારે રાજ્ય સરકારના વિવિધ બોર્ડ-નિગમો અને સરકારી વિભાગોમાં કરાર આધારિત નિમણૂંક મળી જાયછે. આવા કેટલાક કર્મચારીઓ તો છેલ્લા પાંચ સાત વર્ષથી આ કામગીરી કરી રહ્યા છે.

એક અંદાજ મુજબ જુદા જુદા વિભાગોમાં ચાર થી સાડા ચાર હજાર જેટલા કર્મચારીઓ કરાર આધારીત નિમણૂંક મેળવી કામગીરી કરી રહ્યા છે. સામાન્ય વહીવટ વિભાગે તાજેતરમાં બહાર પાડેલા એક પરીપત્ર અનુસાર ૩૧મી માર્ચ સુધીમાં તમામ કરાર આધારીત કર્મચારીઓને છૂટા કરવાનો આદેશ કરાયો હતો. આ પરીપત્રનો અમલ થતા મોટાભાગના આવા કર્મચારીઓને છૂટા કરી દેવાયા છે.

કેટલાકને થોડીક વધુ મહોલત આપવામાં આવી છે. જેઓ ટુંક સમયમાં છૂટા થશે. હવેથી આવા કર્મચારીઓને જો કરાર પર રાખવા હશે તો મુખ્યમંત્રીશ્રીની પૂર્વ મંજૂરી મેળવવી પડશે તેવો નિર્ણય પણ લેવાયો છે. એક સાથે ઘણા બધા કર્મચારીઓ છૂટા થતાં વિભાગોની કામગીરી પર અસર પડી રહી છે. કારણ કે સરકારી વિભાગોમાં ૧૯૯૫ થી ભરતી પર પ્રતિબંધ છે. તેની સામે નિવૃત્ત થનારા કર્મચારીઓની સંખ્યા ખુબ વધુ છે. ૨૦૧૧-૧૨માં તો ઘણા બધા કર્મચારીઓ નિવૃત્ત થતાં ઘણા વિભાગોની કામગીરી આવા કરાર આધારીત કર્મચારીઓ થકી જ ચાલી રહી છે તે કહેવુ અતિશયોક્તિ નથી. કેટલાક ટેકનીકલ પોસ્ટ પરના કર્મચારીઓને છૂટા કરી દેવાતા પરિસ્થિતિ ખુબ જ ગંભીર બની છે. વિભાગોની કામગીરી લગભગ ઠપ્પ બની ગઈ છે. આ મામલે યોગ્ય નિર્ણય લેવાય તેવી રજૂઆત કરાર આધારીત કર્મચારીઓ કરી રહ્યા છે.

TCCI GANDHINAGAR SINCE : 1994

07.04.12 સુધીમાં TET માં પ્રવેશ મેળવી ₹ 28000/- ફીનો લાભ મેળવો !
08.04.12 થી નવી ફી લાગુ પડશે

TET PTC સાથે સ્નાતક અથવા B.Ed. પાસ ઉમેદવારો માટે ખુશીના સમાચાર !
★ લાયકાત : TET માટે PTC સાથે સ્નાતક અથવા B.Ed. પાસ (ધો.6 થી 8 માટે)

19000+થી પણ વધુ જગ્યાઓ

સંપૂર્ણ સાહિત્ય FREE
ફી માત્ર ₹ 28000 (NR) 1.4.2012 થી અમલમાં (એક સાથે જ ભરવાની રહેશે) 07.04.2012 સુધી જ લાગુ
અઠવાડિયામાં 6 દિવસનું શિક્ષણ
જાહેરાત સંભવિત 8 એપ્રિલ 2012
વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવેશ

પાલનપુર, પાટણ, કડી, મહેસાણા, હિંમતનગર, ગાંધીનગર, વિસનગર — વર્ગ શરૂ થવાની તા. 15.04.2012
સવાર, બપોર, સાંજ બેચની સગવડ

TCCI EDUCATION PRIVATE LIMITED


ગાંધીનગર 9909924328 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A, રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3-00 થી 4-00 સુધી) દર રવિવારે રજા
મહેસાણા 7567283798 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ, રૂબરૂ/ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર બુધવારે રજા
હિંમતનગર 7567283798 — બીજો માળ, યમાહા શોરૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) રવિવારે રજા
પાલનપુર 9925698721 — એફ-28, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00 સુધી) દર શુક્રવાર રજા
પાટણ 9925698721 — એસ-143 થી 147, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ / ફોન સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી સાંજના 4-00) દર શુક્રવાર રજા

TCCI EDUCATION PRIVATE LIMITED

08.04.12 થી TET માટે નવી ફી ₹ 38000/- રહેશે.

તા. 01.05.2012 થી TCCI EDUCATION PVT LTD ગાંધીનગર શાખાનું નવું સરનામું
પ્લોટ 99, ઓફીસ 206, બીજો માળ, શ્રી સ્ક્વેર, પેથાપુર ક્રોસ (સર્કલ) રોડ, (મહુડી રોડ), ઘ-રોડના છેડા પર, પેથાપુર, ગાંધીનગર.
18 વર્ષ થી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

TCCIનો નાનકડો પરિવાર
MUKESH PATEL (GS, QA, TOR, GEO, HIST)
RAJUBHAI PATEL (MA B.Ed. - English)
Dr. Nainaben (MA Ph.D. - Gujarati)
Dr. Pandya Sir (MA Ph.D. - English)
Dr. A. Patel (G.S.) (Ph.D.)
Dr. B. Patel (MA Ph.D. - Gujarati)
Mr. Jala Sir (B.Ed. - Maths)
Mr. K. Sir (LLM)
Mr. G. Sir (Sociology & Gujarati)
Mr. R. Jala (Agriculture)
100% ખાતરી પૂર્વકનું પરીણામલક્ષી શિક્ષણ આપતી સંસ્થા



ગાંધીનગર કલ્ચરલ ફોરમને આંગણે ગયા વર્ષે આપણે
આમને મળ્યા, માણ્યા, જોયા, સાંભળ્યા...
હવે, આ વર્ષની શરૂઆત ગ્રીષ્મોત્સવથી..
૧૮ મે, શુક્રવાર | ૧૯ મે, શનિવાર | ૨૦ મે, રવિવાર




નિર્ભેળ મનોરંજક કાર્યક્રમો, એક-એકથી ચઢિયાતાં નાટકો, સુપ્રસિદ્ધ કલાકારો, આખા ગુજરાતમાં ગૂંજતી થઇ ગયેલી નવરાત્રી, શાનથી ઉજવાતું સાહિત્યપર્વ અને ઘણું બધું...
સભ્યપદ માટેનું ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૦ એપ્રિલ ૨૦૧૨, મંગળવાર
સભ્યપદ માટે સંપર્ક : ગાંધીનગર કલ્ચરલ ફોરમ
C/O : ગાંધીનગર સમાચાર, બ્લોક નં. 684/1, સેક્ટર-8, ગાંધીનગર. ફોન : 23222571, 23237571